**11.02.2023** પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

" મીઠાં બાળકો - સદા પોતાને રાજઋષિ સમજીને ચાલો તો તમારા બધાં દિવસ સુખ થી વીતશે , માયા નાં ધુટકા થી બચેલા રહેશો"

પ્રશ્ન :- કયો ચાન્સ (કઈ તક) તમને હમણાં છે પછી નહીં મળે?

ઉત્તર :- હમણાં થોડો સમય છે જેમાં પુરુષાર્થ કરી ભણતર થી ઊંચ પદ મેળવી શકો છો પછી આ ચાન્સ નહીં મળે. આ જીવન ખૂબ દુર્લભ છે એટલે ક્યારેય આ ખ્યાલ ન આવવો જોઈએ કે જલ્દી મરીએ તો છૂટીએ. આ ખ્યાલ એમને આવે છે જેમને માયા હેરાન કરે છે અથવા કર્મભોગ છે. તમારે તો બાપની યાદ થી માયાજીત બનવાનું છે.

ગીત :- ધીરજ ધર મનુઆ......

ઓમ્ શાંતિ ! બાળકોએ ગીત સાંભળ્યું. કોણે કહ્યું અને કોણે સાંભળ્યું? બેહદનાં બાપે કહ્યું અને બધાં સેન્ટર (સેવાકેન્દ્ર) નાં બાળકોએ સાંભળ્યું. જુઓ બાપનો બુદ્ધિયોગ બધાં બાળકો તરફ જાય છે. બધાં સેન્ટર્સ નાં જે પણ બ્રાહ્મણ કુળભૂષણ અથવા સ્વદર્શન ચક્રધારી અથવા રાજઋષિ બાળકો છે એ બાળકોને આ પણ સ્મૃતિમાં રહેવું જોઈએ કે અમે રાજઋષિ છીએ. રાજાઈ માટે પુરુષાર્થ કરી રહ્યાં છીએ, જે રાજ્યમાં જુઓ તો સદૈવ સુખ નાં દિવસો વ્યતીત થાય છે. કળિયુગમાં તો સુખ નાં દિવસો વિતતા જ નથી. તમે જ રાજઋષિ છો તમારા પણ સુખનાં દિવસો અહીં વિતવા જોઈએ. જે બાળકો પોતાને રાજઋષિ સમજે છે અને નિશ્ચય અટલ, અડોલ કાયમ છે, તો. નહીં તો ઘડી-ઘડી ભૂલી જવાથી માયા નાં ધુટકા ખૂબ આવે છે. બાળકો જાણે છે અમે બાપ સાથે રાજયોગ શીખી સદા સુખનો વારસો લઈ રહ્યાં છીએ અથવા નર થી નારાયણ બની રહ્યાં છીએ. તે તો સિવાય પરમપિતા પરમાત્મા નાં કોઈ બનાવી ન શકે. પરમપિતા પરમાત્મા જ્યારે કહેવાય છે તો કોઈ સાકાર કે આકાર તરફ બુદ્ધિ નથી જતી, નિરાકાર બાપને જ યાદ કરે છે. બાપ ધીરજ આપે છે - બાળકો બાકી થોડા દિવસ છે. આ કળિયુગ નર્ક બદલાઈ સ્વર્ગ થશે. સ્વર્ગની સ્થાપના નર્કનો વિનાશ તો ગવાયેલો છે. ભગવાન સ્વયં રાજયોગ શીખવાડે છે. કોઈપણ મનુષ્ય ભલે નર્ક નો, કે સ્વર્ગ નો હોય, રાજયોગ શીખવાડી ન શકે. બાળકો જાણે છે અમે બ્રહ્મા મુખ વંશાવલી બ્રાહ્મણ કુળભૂષણ જ સ્વદર્શન ચક્રધારી છીએ. અમને આત્માઓને સૃષ્ટિ ચક્રનું જ્ઞાન છે. દેવતાઓ આ નથી જાણતાં. સ્વદર્શન ચક્ર શ્રીકૃષ્ણને અથવા વિષ્ણુને કેમ દીધું છે? કારણ કે આપ બ્રાહ્મણ હમણાં સંપૂર્ણ નથી બન્યાં. નીચે ઉપર થતા રહો છો. આ સ્વદર્શન ચક્ર નિશાની છે ફાઈનલ (અંતિમ) ની. આજે તમે સ્વદર્શન ચક્ર ફેરવો છો, કાલે માયાથી હાર ખાઈને ઉતરી પડો છો તો તમને અલંકાર કેવી રીતે આપી શકે? સ્વદર્શન ચક્ર તો સ્થાઈ જોઈએ, એટલે વિષ્ણુને દેખાડે છે. આ ખૂબ ગુહ્ય વાતો છે. જ્યાં પણ વિષ્ણુનું મંદિર હોય તથા કોઈપણ સ્વદર્શન ચક્રધારીનું મંદિર હોય ત્યાં જઈને તમે સમજાવી શકો છો. શ્રીકૃષ્ણને પણ સ્વદર્શન ચક્ર આપે છે. રાધા-કૃષ્ણ યુગલ નાં ચિત્રમાં સ્વદર્શન ચક્ર નથી દેતાં. સ્વદર્શન ચક્રધારી તો તમે બ્રાહ્મણ કુળભૂષણ છો, જેમને પરમપિતા પરમાત્મા સ્વદર્શન ચક્રધારી અથવા ત્રિકાળદર્શી બનાવે છે. તેઓ જ જ્યારે દેવતા બને છે તો એમને ત્રિનેત્રી, ત્રિકાળદર્શી, ત્રિલોકીનાથ નથી કહી શકાતું કારણ કે હમણાં તો આપણે સ્વર્ગની સીડી ઉપર ચઢીએ છીએ. સતયુગ થી તો સીડી નીચે ઉતરવાની હોય છે. ત્યાં આ જ્ઞાન હોતું નથી. ત્યાં આ ખબર હોય તો તમે રાજાઈ કરી ન શકો. આ જ ચિંતા લાગી જાય.

તો હવે બાપ બાળકોને ધીરજ આપે છે કે ગભરાઓ નહીં. માયા પર જીત મેળવવાની છે. માયા નાં તોફાન આવશે જરુર, વિઘ્ન પડશે. આનો ઈલાજ છે યોગમાં રહો. માયા યોગ પણ તોડશે. પરંતુ પુરુષાર્થ કરી યોગમાં રહેવાનું છે. જે યોગમાં રહેશે તો એમનું આયુષ્ય પણ વધશે. જેટલું આયુષ્ય લાંબુ હશે એટલો અંત સુધી બાપ સાથે યોગ લગાવી વારસો લેશો. યોગ થી તંદુરસ્તી ને પણ ઠીક કરવાની છે, એટલે બાપ કહે છે યોગી ભવ. મને નિરંતર યાદ કરો. જેટલો પુરુષાર્થ કરશો એટલું સ્વર્ગમાં પ્રાલબ્ધ મેળવશો. તો બાપ કહે છે બાળકો યોગમાં રહો તો તમારા વિકર્મ વિનાશ થશે. બાકી થોડો સમય છે તમે એવું નહીં કહેશો કે વિનાશ જલ્દી થાય તો અમે સ્વર્ગમાં જઈએ કારણ કે આ જીવન ખૂબ દુર્લભ છે. એવું નથી કે હમણાં શરીર છોડી પછી નવું શરીર લઈને ભણતર ભણી શકશો. બાળ અવસ્થામાં જ હશો તો વિનાશ આરંભ થઈ જશે. બાલિગ પણ નહીં બની શકો કારણ

કે એમાં નાનાં-મોટા બધાંનો વિનાશ થવાનો છે. જલ્દી મરીએ, આ તેઓ જ કહેશે જેમને માયા ખૂબ હેરાન કરે છે કે કોઈ કર્મભોગ છે, એનાંથી છૂટવા ઈચ્છે છે. પરંતુ આ ચાન્સ પછી નહીં મળે, એટલે પુરુષાર્થ માં લાગી જાઓ. બાકી તો જ્યારે સમય આવશે તો ન ઈચ્છવા છતાં પણ બધાંને જવું પડશે કારણ કે બાપ બધાંને રુહાની યાત્રા પર લઈ જશે. એવું નહીં ફક્ત ૧૦-૨૦ લાખને લઈ જશે. જેવી રીતે કુંભ નાં મેળા પર ૧૦-૧૫ લાખ જાય છે. આ તો આત્મા પરમાત્માનો મેળો છે. બાપ સ્વયં પંડા બનીને લેવા આવ્યાં છે, એમની પાછળ તો અગણિત આત્માઓ જશે. પરંતુ એવું પણ નથી બધાં જલ્દી જશે. પ્રલય થાય તો પછી આ ભારત ખંડ જ ન રહે. પરંતુ આ ભારત અવિનાશી ખંડ છે. અહીં ઘણાં રહી જાય છે. પછી સતયુગ માં એક જ સૂર્યવંશી રાજધાની સ્થાપન થશે. કળિયુગ વિનાશ થઈ સતયુગ સ્થાપન થવામાં વચ્ચે નો થોડો આ સમય મળે છે, આમાં થોડા રહી જાય છે જે નવેસર થી પોતાની રાજધાની બનાવે છે. બાકી પુરુષાર્થનો આ જ થોડો સમય છે, આને કલ્યાણકારી યુગ કહેવાય છે. બીજા સંગમને કલ્યાણકારી નહીં કહેવાશે કારણ કે નીચે ઉતરતા જાય છે. હમણાં સંપૂર્ણ સુખ થી સંપૂર્ણ દુઃખમાં આવી ગયાં છે. આ જ્ઞાન બીજા કોઈની બુદ્ધિમાં નથી. આગળ આપણે પણ કાંઈ નહોતાં જાણતાં, અંધશ્રદ્ધા થી બધાંની પૂજા કરતા હતાં. હમણાં તો દરેક પ્રકારની શ્રીમત મળે છે. ધંધો પણ એ જ કરે છે જે કોઈ વિરલા વેપારી કરે. જેવી રીતે હુન્નર શીખવાની હોય છે. આ છે મનુષ્ય ને દેવતા બનાવવાની હુન્નર. આનાં પર ધ્યાન આપવાનું છે.

બાપ રોજ અમૃતવેલા આવીને ભણાવે છે તો એ સમયે બાપની સામે બધાં સેન્ટર્સ નાં બાળકો છે. બાપ કહે છે હું આપ સર્વ બાળકોને યાદ કરું છું આમાં માયા મને કોઈ વિઘ્ન નથી નાખતી. આપ બાળકો મને ઘડી-ઘડી ભૂલી જાઓ છો, માયા તમને વિઘ્ન નાખે છે. કોઈ-કોઈ લખે છે બાબા અમને બાળકોને નહીં ભૂલતા. પરંતુ હું તો ક્યારેય નથી ભૂલતો. મારે તો બધાંને પાછા લઈ જવાનાં છે. હું રોજ યાદપ્યાર આપું છું. બાળકોને ખજાનો મોકલી આપું છું. બધાંને લલકાર કરતો રહું છું કે બાપની શ્રીમત પર બેહદનો વારસો લેવાનો પુરુષાર્થ કરો. આમાં ગફલત (ભૂલ) નું બહાનું નહીં કરો. કહે છે કર્મબંધન છે. આ તો તમારું છે, બાપ શું કરે. બાપ કહે છે યોગમાં રહો તો કર્મબંધન કપાતા જશે. તમારાથી વિકર્મ નહીં થાય. અડધોકલ્પ તમે વિકર્મોથી છૂટી જશો. પછી ઊંચ પદ મેળવવા માટે સર્વિસ (સેવા) પણ કરવાની છે. મમ્મા-બાબા કેવી રીતે સારી રીતે સમજાવે છે. કોઈ-કોઈ બાળકો પણ સારી સર્વિસ કરે છે. તમને કોઈ પૂછે તમારો મુખ્ય ઉદ્દેશ શું છે, તો આ કાર્ડ હાથમાં આપી દો. એનાંથી બધું સમજી જશે કે આ કયા ધંધામાં લાગેલા છે. આ તો મોટાં વેપારી છે. દરેકની રગ જોવાની છે. સૌથી સારું છે ચક્ર પર સમજાવવું. કેવાં પણ વ્યક્તિ હોય, ચક્ર ને જોઈ સમજી જશે કે બરાબર આ કળિયુગ છે હવે સતયુગ આવવાનો છે. ક્રિશ્ચન ને સમજાવી શકો છો આ નર્ક છે, હવે સ્વર્ગ સ્થાપન થવાનું છે. તે તો જરુર હેવનલી ગોડફાધર જ કરશે. પરંતુ મનુષ્યો ની બુદ્ધિ એવી થઈ ગઈ છે જે પોતાને નર્કવાસી પણ નથી સમજતાં. કહે પણ છે ફલાણા સ્વર્ગવાસી થયાં તો સમજવું જોઈએ જરુર આપણે નર્કમાં છીએ. હમણાં કળિયુગ છે, પુનર્જન્મ પણ જરુર કળિયુગ માં જ લેશે. સ્વર્ગ છે ક્યાં? બાબા તો કહે છે સ્મશાન માં જઈને સમજાવો. પરંતુ બાળકો ઝટ થાકી જાય છે. સમજાવવું જોઈએ હમણાં તો કળિયુગ છે. જો સ્વર્ગમાં પુનર્જન્મ લેવા ઈચ્છો છો તો આવીને સમજો. અમે પણ પુરુષાર્થ કરી રહ્યાં છીએ, જે પછી નર્ક રહેશે જ નહીં. સ્વર્ગમાં ચાલવાનું છે. ત્યાં વિષ (વિકાર) નહીં મળે. એને અહીં જ છોડવા પડશે. કેવી રીતે? એ બાબા યુક્તિઓ બતાવે છે.

નેપાળમાં વિજય અષ્ટમીનાં દિવસે નાનાં-મોટાં બધાં શિકાર કરે છે. તમારે પણ બધાંને સમજાવવાનું છે, ઘર-ઘરમાં શિવનું અને લક્ષ્મી-નારાયણનું ચિત્ર જરુર રાખવાનું છે. નોકરો ને મિસ્ત્રીઓ ને પણ સમજાવવાનું છે કે મોત સામે છે. બાપને યાદ કરો તો વારસો મળી જશે. બાપ બધાંની મનોકામના સ્વર્ગ માટે પૂરી કરે છે. યોગ લગાવવાથી બાપ સાક્ષાત્કાર પણ કરાવી શકે છે. બાપ છે જ કલ્યાણકારી તો બાળકોએ પણ એવાં કલ્યાણકારી બનવાનું છે. ગરીબ જ પોતાનું કલ્યાણ કરે છે. સાહુકાર મુશ્કેલ જ કરે છે. સંન્યાસી પણ જે નામીગ્રામી છે તેઓ અંતમાં આવશે. હમણાં ખાસ કરીને ગરીબ સાધારણ જ જ્ઞાન લે છે. બાપ પણ સાધારણ તનમાં આવે છે, ગરીબમાં નહીં. જો આ પણ ગરીબ હોત તો કાંઈ કરી ન શકત. ગરીબ આટલાં ની સંભાળ કેવી રીતે કરત! તો યુક્તિ જુઓ કેવી રાખી છે. સાધારણ જ હોય જે બલિ પણ ચઢે અને આટલાં બધાંની પરવરીશ પણ થતી રહે. એમની સાથે-સાથે બીજા પણ ઘણાં બલિ ચઢી વારિસ બની ગયાં. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં

રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. બાપે જે મનુષ્ય ને દેવતા બનાવવાની હુન્નર શીખવાડી છે, એમાં જ લાગવાનું છે.
2. શ્રીમત પર ચાલવામાં ગફલત કે બહાનું નથી કરવાનું. કર્મબંધનો થી છૂટવા માટે યાદ માં રહેવાનું છે.

વરદાન :- શ્રેષ્ઠ કર્મધારી બની ઊંચી તકદીર બનાવવા વાળા પદમાપદમ ભાગ્યશાળી ભવ

જેનાં જેટલાં શ્રેષ્ઠ કર્મ છે એમની તકદીર ની લકીર એટલી લાંબી અને સ્પષ્ટ છે. તકદીર બનાવવાનું સાધન છે જ શ્રેષ્ઠ કર્મ. તો શ્રેષ્ઠ કર્મધારી બનો અને પદમાપદમ ભાગ્યશાળી ની તકદીર પ્રાપ્ત કરો. પરંતુ શ્રેષ્ઠ કર્મનો આધાર છે શ્રેષ્ઠ સ્મૃતિ. શ્રેષ્ઠ થી શ્રેષ્ઠ બાપની સ્મૃતિમાં રહેવાથી જ શ્રેષ્ઠ કર્મ થશે એટલે જેટલી ઈચ્છો એટલી લાંબી ભાગ્યની લકીર (રેખા) ખેંચી લો. આ એક જન્મમાં અનેક જન્મોની તકદીર બની શકે છે.

સ્લોગન :- પોતાની સંતુષ્ટતાની પર્સનાલિટી દ્વારા અનેકો ને સંતુષ્ટ કરવા જ સંતુષ્ટમણી બનવું છે.

માતેશ્વરીજીના અણમોલ મહાવાક્ય

૧) આ જે મનુષ્ય ગીત ગાય છે ઓ ગીતા નાં ભગવાન પોતાનું વચન નિભાવવા આવી જાઓ. હવે એ સ્વયં ગીતા નાં ભગવાન પોતાનું કલ્પ પહેલાં વાળું વચન પાલન કરવા માટે આવ્યાં છે અને કહે છે હે બાળકો, જ્યારે ભારત પર અતિ ધર્મ ગ્લાનિ થાય છે ત્યારે હું આ જ સમયે પોતાનું અંજામ પાલન કરવા (વાયદો નિભાવવા) માટે અવશ્ય આવું છું, હવે મારો આવવાનો આ અર્થ નથી કે હું કોઈ યુગે યુગે આવું છું. બધાં યુગોમાં તો કોઈ ધર્મ ગ્લાનિ નથી થતી, ધર્મ ગ્લાનિ થાય જ છે કળિયુગ માં, તો સમજો પરમાત્મા કળિયુગ નાં સમયે આવે છે. અને કળિયુગ પછી કલ્પ-કલ્પ આવે છે તો સમજો હું કલ્પ-કલ્પ આવું છું. કલ્પ માં પછી ચાર યુગ છે, આને જ કલ્પ કહે છે. અડધોકલ્પ સતયુગ ત્રેતા માં સતોગુણ સતોપ્રધાન છે, ત્યાં પરમાત્માને આવવાની કોઈ જરુર નથી. અને પછી ત્રીજા દ્વાપર યુગ થી તો પછી બીજા ધર્મની શરુઆત છે, એ સમયે પણ અતિ ધર્મ ગ્લાનિ નથી એનાંથી સિધ્ધ છે કે પરમાત્મા ત્રણેય યુગોમાં તો આવતા જ નથી, બાકી રહ્યો કળિયુગ, એનાં અંતમાં અતિ ધર્મ ગ્લાનિ થાય છે. એ સમયે પરમાત્મા આવી અધર્મ વિનાશ કરી સત્ ધર્મની સ્થાપના કરે છે. જો દ્વાપર માં આવેલાં હોત તો દ્વાપર પછી તો હમણાં સતયુગ હોવો જોઈએ તો પછી કળિયુગ કેમ? એવું તો નહીં કહેવાય પરમાત્માએ ઘોર કળિયુગ ની સ્થાપના કરી, હવે આ તો વાત નથી થઈ શકતી એટલે પરમાત્મા કહે છે - હું એક છું અને એક જ વાર આવીને અધર્મ નો, કળિયુગ નો વિનાશ કરી સતયુગ ની સ્થાપના કરું છું તો મારો આવવાનો સમય સંગમયુગ છે.

૨) મનુષ્ય આત્માઓની કિસ્મત બનાવવા વાળા અને કિસ્મત બગાડવા વાળા કોણ છે? આપણે એવું નહીં કહેશું કે કિસ્મત બનાવવા વાળા, બગાડવા વાળા એ જ પરમાત્મા છે. બાકી આ જરુર છે કે કિસ્મત ને બનાવવા વાળા પરમાત્મા છે અને કિસ્મત ને બગાડવા વાળા સ્વયં મનુષ્ય છે. હવે આ કિસ્મત બને કેવી રીતે? અને પછી પડે (બગડે) કેવી રીતે? આનાં પર સમજાવાય છે. મનુષ્ય જ્યારે પોતાને જાણે છે અને પવિત્ર બને છે તો ફરીથી તે બગડેલી તકદીર ને બનાવી લે છે. હવે જ્યારે આપણે બગડેલી તકદીર કહીએ છીએ તો આનાથી સાબિત છે કોઈ સમય પોતાની તકદીર બનેલી હતી, જે પછી બગડી ગઈ છે. હવે તે જ પછી બગડેલી તકદીર ને પરમાત્મા સ્વયં આવીને બનાવે છે. હવે કોઈ કહે પરમાત્મા સ્વયં તો નિરાકાર છે એ તકદીર ને કેવી રીતે બનાવશે? આનાં પર સમજાવાય છે, નિરાકાર પરમાત્મા કેવી રીતે પોતાનાં સાકાર બ્રહ્મા તન દ્વારા, અવિનાશી જ્ઞાન દ્વારા આપણી બગડેલી તકદીરને બનાવે છે. હવે આ જ્ઞાન આપવું પરમાત્માનું કામ છે, બાકી મનુષ્ય આત્માઓ એક-બીજાની તકદીર ને નથી જગાડી શકતાં. તકદીરને જગાડવા વાળા એક જ પરમાત્મા છે ત્યારે તો એમનું યાદગાર મંદિર કાયમ છે. અચ્છા. ઓમ શાંતિ.